# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11/11/2026** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. રાજ્યભરમાં નવા વર્ષની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી. દેવાલયો અને પ્રવાસન સ્થળોએ માનવ મહેરામણ ઉમટ્યું.
2. અમદાવાદના શાહિબાગ ખાતે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં પોલીસ દળ દ્વારા સ્નેહમિલન યોજાયું.
3. પોરબંદરમાં યોજાયેલા સ્નેહમિલનમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સહિયારા પ્રયાસ આદરવા મંત્રી અર્જૂન મોઢવાડિયાનું આહ્વાન.
4. આજે ભાઇ બહેનના અપાર સ્નેહના પ્રતિક એવા ભાઇબીજના તહેવારની ઉજવણી.
5. કચ્છમાં આઠ કરોડથી વધુના આંતરરાજ્ય સાયબર ફ્રોડમાં 13ની ધરપકડ.
6. ઓમાન ખાતે રમાઇ રહેલી અન્ડર -19 એશિયા કપ ક્રિકેટમાં ભારત યુએઇને હરાવી ભારત સેમીફાઇનલમાં પહોચ્યુ.

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# NEW YEAR CELEBRATION

રાજ્યભરમાં નવા વર્ષની હર્ષોલ્લાસ સાથેઉજવણી કરવામાં આવી હતી. રાજ્યના યાત્રાધામો અને પ્રવાસન સ્થળોએ ભક્તજનો અને પ્રવાસીઓની ભીડ જોવા મળી હતી.

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં વિક્રમ સંવત 2083ના પ્રથમ દિવસે, ભક્તોનો અભૂતપૂર્વ માનવ મહેરામણ ઉમટ્યો હતો. નવા વર્ષના મંગલ પ્રારંભે સોમનાથ મહાદેવના દર્શન અને પ્રાતઃ આરતીનો લાભ લેવા માટે દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. શિવજીને શીશ નમાવી ધન્યતા અનુભવી હોવાનું દર્શનાર્થી રૂપલ બેને જણાવ્યું હતું.

(બાઈટ: રૂપલબેન)

અરવલ્લી જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરે નવા વર્ષમા પાવન પર્વે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. નવા વર્ષના અવસરે દૂરદૂરથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાન શામળિયાના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.

આ પાવન અવસરે ભગવાન શામળિયા શેઠને સોના-ચાંદીના આભૂષણોથી વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. ભગવાન શામળિયાના અલૌકિક અને દિવ્ય સ્વરૂપનાં દર્શન કરીભક્તોએ ધન્યતા અનુભવી હતી.

(ઓડિયો: દર્શનાર્થી)

સાબરકાંઠા જિલ્લામાં નવા વર્ષે હર્ષોલ્લાસ અને ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું છે. નવા વર્ષના વધામણાં રૂપે જિલ્લાભરના તમામ દેવાલયોમાં ભવ્ય અન્નકૂટ યોજાયા હતા. દેવાલયોમાં ભક્તિસભર માહોલ વચ્ચે લોકોએ ભગવાન સમક્ષ શીશ નમાવી નવા વર્ષની મંગલ શરૂઆત કરી હતી. દર્શન બાદ લોકોએ એકબીજાને મળીને 'સાલ મુબારક'

પાઠવ્યું હતું અને પરસ્પર શુભેચ્છાઓની આપ-લે કરી હતી. જ્યારે તહેવારોની શરૂઆત સાથે જ જૂનાગઢના ગિરનાર પર્વત પર યાત્રિકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે

એશિયાના સૌથી મોટા ગિરનાર રોપવેનો લાભ લઈ દરરોજ હજારો શ્રદ્ધાળુઓ અંબાજી, ગુરુ દત્તાત્રેય અને ભગવાન નેમિનાથના દર્શન કરી રહ્યા છે. પ્રવાસી નૂતન બેન વસાણીએ આ પ્રવાસને આનંદદાયક ગણાવ્યો હતો.

(બાઇટ - નૂતન બેન વસાણી, પ્રવાસી, જૂનાગઢ)

# GIR PRAVASI

દિવાળીની રજાઓને પગલે ગીરના જંગલોમાં સિંહ દર્શન માટે પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે.છેલ્લા એક જ અઠવાડિયમાં 15 હજારથી વધુ લોકોએ ગીર સફારીની મુલાકાત લીધી. તો 23 નવેમ્બર સુધીનું ઓનલાઇન બુકિંગ ફુલ થઈ ગયું છે. પ્રવાસીઓના ધાસારાને પગલે વન વિભાગ દ્વારા વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

# POLICE SNEHMILAN

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ નૂતન વર્ષ નિમિત્તે અમદાવાદમાં શાહીબાગ સ્થિત પોલીસ ઓફિસર્સ મેસ ખાતે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારજનો સાથે મુલાકાત કરી નૂતન વર્ષની શુભકામનાઓનું આદાન-પ્રદાન કર્યું હતું.

આ પ્રસંગે રાજ્ય પોલીસવડા જી.એસ. મલિક, જેલ વિભાગના ડીજી ડૉ. કે.એલ.એન. રાવ, પોલીસ મહાનિદેશક ડૉ. નીરજા ગોટરુ, અમદાવાદ શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત સહિતના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# PORBANDAR MODHWADIA SNEH MILAN

નૂતન વર્ષના અવસરે પોરબંદરના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયાએ પોરબંદર સ્થિત તેમના ઘરે એક સ્નેહમિલનનું આયોજન કર્યું હતું. આ અવસરે તેમણે ગુજરાત સહિત સમગ્ર દેશના નાગરિકોને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. તેમણે પ્રાર્થના કરતા જણાવ્યું હતું કે, આવનારું નવું વર્ષ દેશ, રાજ્ય અને તમામ નાગરિકો માટે કલ્યાણકારી નીવડે તેમજ સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લઈને આવે.

તેમણે દેશના વિકાસ સંકલ્પનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત આજે 'વિકસિત ભારત 2047'ના લક્ષ્ય તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાની હેઠળ આપણું ગુજરાત પણ આ વિકાસયાત્રામાં અગ્રેસર રહીને 'વિકસિત ભારત 2047'નું નેતૃત્વ કરે અને દેશ તથા દુનિયાને નવી દિશા આપે.

(બાઈટ - અર્જુનભાઈ મોઢવાડીયા (કેબિનેટ મંત્રી)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

# BHAI BIJ

રાજયભરમાં આજે ભાઇ-બીજની પરંપરાગત રીતે હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઇ રહી છે.

ભાઇબહેનના પ્રેમ અને પવિત્ર બંધનના પ્રતીક સમી ભાઇબીજને યમદ્વીતીયા પણ કહેવાય છે.

પૌરાણિક કથા અનુસાર યમરાજ બહેન યમુનાને મળવા આવ્યા ત્યારથી ભાઇબીજની ઉજવણીની શરૂઆત થઇ. આ દિવસે બહેન ભાઇને તીલક કરી નાળીયેર આપે છે અને ભાઇના લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્યની કામના કરે છે.

# CYBER FROUD

કચ્છના ગાંધીધામમાં નોંધાયેલા 8.46 કરોડના ઓનલાઇન સાયબર ફ્રોડનો પૂર્વ કચ્છ જિલ્લા પોલીસે પર્દાફાશ કર્યો છે. ટેકનિકલ સર્વેલન્સ, બેંક એકાઉન્ટ ટ્રેસિંગ અને સાયબર નેટવર્કની ઊંડી તપાસના આધારે પોલીસે દેશનાં અલગ-અલગ રાજ્યોમાં તપાસ હાથ ધરી કુલ 13 આરોપીને ઝડપી પાડ્યા છે. આ સાયબરફ્રોડમાં આરોપીઓએ બોગસ શેલ કંપનીઓ અને ભાડે મેળવેલા અલગ-અલગ બેંક ખાતાઓનો ઉપયોગ કરીને નાણાંની હેરફેર કરી હોવાનું પોલીસ અધિક્ષક સાગર બાગમારેએ જણાવ્યુ હતું.

( બાઈટ - સાગર બાગમારે sp પૂર્વ કચ્છ)

# KACHCH KHANIJ

કચ્છના નખત્રાણામાં ગેરકાયદે ખનિજ ખનન અને વહન સામેની કાર્યવાહીમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ LCB એ બેન્ટોનાઈટ ખનિજ ભરેલા બે વાહન ઝડપી પાડ્યા છે. બંને વાહનોમાંથી આશરે 82.2 ટન બેન્ટોનાઈટ ખનિજ મળી આવ્યું હતું.

ખાણ-ખનિજ ધારાની કલમ 34 હેઠળ બંને વાહનો ડિટેઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# UNDER ASIA 19 CUP

અંડર-19 એશિયા કપમાં, ભારત સંયુક્ત આરબ અમીરાતને 70 રનથી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ્યું છે.

ભારતે ઓમાનના અલ અમેરાત ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે પહેલા બેટિંગ કરતા 50 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 309 રન બનાવ્યા. યુએઈ 50 ઓવરમાં 239 રન જ કરી શકતા ભારતનો વિજય થયો. ભારતના આર્યવીર સેહવાગને 168 બોલમાં 160 રનની શાનદાર ઇનિંગ બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. હવે ગુરુવારે સેમિફાઇનલમાં ભારત અફઘાનિસ્તાન સામે ટકરાશે.

# PM VISHWKARMA YOJNA

પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના લોકોને પોતાના વ્યવસાય શરૂ કરી આત્મનિર્ભર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. લાભાર્થી જાગૃતિ મહેતા કહે છે કે યોજના હેઠળ એક લાખ રૂપિયાની લોનથી તેમને પોતાનો વ્યવસાય શરૂ કર્યો. આ લોનને કારણે  નારિયેળના રેસા, ઊન અને પથ્થરોનો ઉપયોગ કરીને ઉત્પાદનો 15-20 અન્ય મહિલાઓને રોજગારની તકો પૂરી પાડી રહ્યાં છે.

(બાઇટ - જાગૃતિ મહેતા, લાભાર્થી)

# DIU CAR FIRE

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે પાર્કિંગમાં પાર્ક કરેલી અમદાવાદની એક કારમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ કારમાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો.

મળતી માહિતી મુજબ, અમદાવાદનું પરિવાર દીવ ફરવા આવ્યુ હતુ. આ દરમિયાન તેમણે કાર પાર્કિંગમાં પાર્ક કરી હતી. દરમિયાન અચાનક કારમાં આગ ભભૂકી ઊઠતાં આસપાસના લોકોમાં દોડધામ મચી ગઈ હતી.

કારમાં આગ લાગતાં જ સાવચેતીના ભાગરૂપે નજીકમાં પાર્ક કરેલી અન્ય કારોને તાત્કાલિક ત્યાંથી ખસેડવામાં આવી હતી અને ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જાણ થતાં જ ફાયર બ્રિગેડના જવાનો તેમજ પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.